# ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ,જુનાગઢ.

દાખલ તારીખ : ૦૭/૧૦/૨૦૨૨
રજી. તારીખ : ૦૭/૧૦/૨૦૨૨
ફેસલ તારીખ : ૦૨/૧૨/૨૦૨૨
સમય ગાળો: વ. મા.દિ.

**ક્રિમીનલ કેસ નંબર:– ૬૧૫૦/૨૦૨૨**
આંક :

ફરીયાદી :– શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી :–
(૧) **નીમુબેન રાજેશભાઈ લીંબાસીયા**
રહે. શાંતેશ્વર રોડ, શ્રીનાથજી પાર્ક, બ્લોક નં.૨૩, જુનાગઢ
(૨) **દક્ષાબેન મોહનભાઈ દુધાત્રા**
રહે. શાંતેશ્વર રોડ, શ્રીનાથજી પાર્ક, બ્લોક નં.૩૦, જુનાગઢ
(૩) **મનાલીબેન બ્રિજેશભાઈ ભાલીયા**
રહે. શાંતેશ્વર રોડ, શ્રીનાથજી પાર્ક, જુનાગઢ

(૪) **રીપલબેન જીજ્ઞેશભાઈ બાબરીયા**
રહે. શાંતેશ્વર રોડ, શ્રીનાથજી પાર્ક, બ્લોક નં.૬, જુનાગઢ
(૫) **ગીતાબેન બાબુભાઈ સરધાર**
રહે. શાંતેશ્વર રોડ, શ્રીનાથજી પાર્ક, બ્લોક નં.૩૨, જુનાગઢ
(૬) **તૃપ્તિબેન સુનિલભાઈ બડેલીયા**
રહે. શાંતેશ્વર રોડ, શ્રીનાથજી પાર્ક, બ્લોક નં.૨૯, જુનાગઢ
(૭) **અસ્મીતાબેન ચંદુભાઈ સાવલીયા**
રહે. શાંતેશ્વર રોડ, શ્રીનાથજી પાર્ક, જુનાગઢ

**આરોપ : જુગાર ધારાની કલમ ૧૨ મુજબ**

# ઠરાવ

(૧) આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા. ૦૪/૦૮/૨૦૨૨ ના કલાક ૧૭/૪૦ વાગ્યાના અરસામાં જુનાગઢ શાંતેશ્વર રોડ, દેવ રેસીડન્સી, શ્રીનાથજી પાર્ક, બ્લોક નં.૨૩ ની સામે શેરીમાં જાહેરમાં ગંજી પતાના પૈસા પાના વડે રોન પોલીસ નામનો હાર જીતનો જુગાર રમતા ગંજી પતાના પાના નંગ-પર કિંમત રૂા. ૦૦/૦૦ તથા રોકડ રૂા. ૫,૩૪૦/- મળી કુલ રૂા. ૫,૩૪૦/- ના મુદામાલ સાથે પકડાઈ જઈ, મળી આવી, ગુનો કરેલ હોવાની ફરીયાદ, ફરીયાદી કરશનભાઈ ગોવિંદભાઈ ભારાઈ એ જુનાગઢ 'બી' ડીવીઝન પોલીસ સ્ટેશન સમક્ષ આપેલી.

(૨) આજરોજ આરોપીઓ હાજર હોય આરોપીઓ તરફે આંક ૩થી રજુ થયેલ કબુલાત પુરસીસ જોતાં, આરોપીઓ ઉપરોકત ગુનાની કબુલાત કરવા માંગે છે.

**M.J.Zala**
CJM, Junagadh

(૩) આરોપીઓની ગુનાની કબુલાત સ્વૈચ્છીક હોવાનું જણાતું હોય, આરોપીઓની ગુનાની કબુલાત સ્વીકારવામા આવે છે, આરોપીઓ ગરીબ વર્ગના હોય, તેઓનો આ પ્રથમ ગુનો હોય, હવે પછી તેઓ આ પ્રકારનો ગુનો કરશે નહી અને ગુના અંગે પશ્ચાતાપ હોવાનું જણાવતા હોય, તમામ હકીકત ધ્યાને લેતાં, આરોપીને સુધરવાની તક આપવી જરૂરી માનું છું. ગુનો તથા કાયદામાં સજાની જોગવાઈ જોતાં, પેનલ્ટીનો હુકમ પુરતો હોવાનું માનું છું અને ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

–:: આ ખ રી હુ ક મ ::–

(એ) આ કામના આરોપી (૧) નીમુબેન રાજેશભાઈ લીંબાસીયા, રહે. શાંતેશ્વર રોડ, શ્રીનાથજી પાર્ક, બ્લોક નં.૨૩, જુનાગઢ (૨) દક્ષાબેન મોહનભાઈ દુધાત્રા, રહે. શાંતેશ્વર રોડ, શ્રીનાથજી પાર્ક, બ્લોક નં.૩૦, જુનાગઢ (૩) મનાલીબેન બ્રિજશેભાઈ ભાલીયા, રહે. શાંતેશ્વર રોડ, શ્રીનાથજી પાર્ક, જુનાગઢ (૪) રીપલબેન જીદજ્ઞેશભાઈ બાબરીયા, રહે. શાંતેશ્વર રોડ, શ્રીનાથજી પાર્ક, બ્લોક નં.૬, જુનાગઢ (૫) ગીતાબેન બાબુભાઈ સરધાર, રહે. શાંતેશ્વર રોડ, શ્રીનાથજી પાર્ક, બ્લોક નં.૩૨, જુનાગઢ (૬) તૃપ્તિબેન સુનિલભાઈ બડેલીચા, રહે. શાંતેશ્વર રોડ, શ્રીનાથજી પાર્ક, બ્લોક નં.૨૯, જુનાગઢ અને (૭) અસ્મીતાબેન ચંદુભાઈ સાવલીયા, રહે. શાંતેશ્વર રોડ, શ્રીનાથજી પાર્ક, જુનાગઢ વાળાઓને જુગાર ધારાની કલમ ૧૨ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(બી) દરેક આરોપીને જુગાર ધારાની કલમ ૧૨ મુજબના ગુનામાં તકસીરવાન

ઠરાવી, રૂા.૨૦૦/–(અંકે રૂપીયા બસ્સો પુરા)નો દંડ તથા દંડ ન ભરે તો દિન–૨(બે)ની સાદી કેદની સજાનો હુકમ કરવામા આવે છે.

(સી) આ કામમાં કબજે લેવામાં આવેલ મુદ્દામાલ રોકડ રકમ અપીલ સમય બાદ સરકાર ખાલસા કરવી, તેમજ અન્ય મુદ્દામાલનો નાશ કરવો.

હુકમ આજરોજ તારીખ : **૦૨ માહે: ડિસેમ્બર ૨૦૨૨** ના સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

જુનાગઢ
તા. ૦૨/૧૨/૨૦૨૨

(મિહિરદેવસિંહ જે. ઝાલા)
ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,
જુનાગઢ
**જીજે ૦૦૮૦૯**